INTERNATIONAL JOURNAL OF NOV.EL RESEARCH AND DEVELOPMENT (IJNRD)
© 2026 IJNRD | Volume 11, Issue 4, April 2026 | ISSN: 2456-4184 | IJNRD.ORG

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિનિયન વિદ્યાશાખાના ગુજરાતી (પત્રકારત્વ) વિષયમાં પીએચ.ડી અભ્યાસ અંતર્ગત

**સંશોધક**
**ભૂમિકા આચાર્ય**
**બીકોમ, એમ.એમ.સી.જે., એમ.ફિલ.**
**ગાઈડ**
**ડૉ. નીતા ઉદાણી**
**હેડ, એ.ડી. શેઠ પત્રકારત્વ ભવન, સૌરાષ્ટ્ર યુનીવર્સીટી, રાજકોટ**

# ઝવેરચંદ મેઘાણીના સાહિત્યિક લેખોનું વિશ્લેષણ

## 1. પ્રસ્તાવના

વિશ્લેષણ અને તટસ્થતાની દ્રષ્ટીએ ઝવેરચંદ મેઘાણીનું લખાણ એ વિશિષ્ટ હતું. સાહિત્યિક ક્ષેત્રે લખેલા લેખો હોય કે પછી પત્રકારત્વ ક્ષેત્રે, દરેક જગ્યાએ સમાજજીવનના પાસાં રજૂ કરવામાં ઝવેરચંદ મેઘાણીએ અગ્રેસરની ભૂમિકા નિભાવી છે. સમાજના એ પાસાની વાત છે કે જેના મૂળ જોડાયેલા છે સાહિત્ય સાથે કે જે લોકસાહિત્ય તરીકે ઓળખાય છે, તો સાહિત્યની બીજી બાજુ કે જે શિષ્ટ સાહિત્ય તરીકે ઓળખાય છે તે અંતર્ગત પણ ઝવેરચંદ મેઘાણીના લેખો અનન્ય છે. આ લેખોનું વિશ્લેષણ કરવા માટેની સંશોધકને પ્રેરણા થવાનું કારણ તપાસીએ તો, આ તમામ લેખો સમાજજીવનને તો રજૂ કરે જ છે પણ તેની સાથે તેમાં રહેલી વિવિધતા, નવીનતા અને શબ્દોની તાકાત પણ રજૂ થાય છે. કોઈ લેખમાં સમાજના પાસા જ માત્ર

રજૂ થાય એ મહત્વનું નથી પણ તેની સાથે તેમાં રહેલું તાર્કિક કારણ પણ બહોળો ભાગ ભજવે છે, જે ઝવેરચંદ મેઘાણીના લેખોમાં જાણી અને સમજી શકાય છે. આ ઉપરાંત પ્રત્યાયન ક્ષેત્રે શબ્દોની પિછાન એ અત્યંત મહત્વનું કહી શકાય તેવું પરિબળ છે. આ પરિબળની પરખ અને સમજ ઝવેરચંદ મેઘાણીના લેખોમાં વિસ્તૃત જોવા મળે છે. પત્રકારત્વ ક્ષેત્રે સામાન્ય લેખથી લઈને ઝવેરચંદ મેઘાણી દ્વારા લખાયેલા તંત્રી લેખો એ અલગ દિશા દોરનારા છે તેમજ ના માત્ર તે સમયના સંદર્ભમાં જ વ્યાપક છે પણ આ લેખો આજના સમયમાં પણ એટલું જ મહત્વ ધરાવે છે. ઝવેરચંદ મેઘાણીના સાહિત્યિક લેખોનું વિશ્લેષણ નીચે કરવામાં આવ્યું છે જે પરથી તે કેટલાં ભૂતકાળ અને વર્તમાનમાં વ્યાપક અસર ધરાવે છે તે જાણવાનો હેતુ અહીંયા સમાયેલો છે.

## 2. ઝવેરચંદ મેઘાણીના સાહિત્યિક લેખોનું વિશ્લેષણ

### (2.1) "શિષ્ટ સાહિત્ય : શિષ્ટતાનું ઓઠું"(1) (સૌરાષ્ટ્ર, 27-07-1929)

ઝવેરચંદ મેઘાણીએ ૨૭ જુલાઈ, ૧૯૨૯ના રોજ લખેલા આ લેખમાં શિષ્ટ સાહિત્યના પુસ્તકના વિમોચનની રજૂઆત છે. જે હેઠળ તે વખતના લેખક 'ધૂમકેતુ' દ્વારા લખવામાં આવેલી એક પુસ્તિકા વાંચવા માટે જનસમુદાયને આગ્રહ કરવામાં આવ્યો છે. તો આ ઉપરાંત જીવન ક્રાંતિની જવાળાઓ દર્શાવતા 'તણખા' પુસ્તિકા ધૂમકેતુએ તે સમયની સસ્તા સાહિત્યની યોજના હેઠળ, સસ્તા ભાવે લોકો માટે કઈ રીતે ઉપલબ્ધ કરાવી છે, તે અંગેની માહિતી છે. વધુમાં પુસ્તિકાના કાગળ કે તેના રૂપરંગમાં કોઈ પણ પ્રકારે અભાવ રાખવામાં આવ્યો ન હોવાની વાત કરીને ઝવેરચંદ મેઘાણીએ તેમના સ્વભાવમાં રહેલી સરળતાને દર્શાવી છે. વધુમાં શિષ્ટ સાહિત્ય હેઠળ લેખકો દ્વારા વિમોચન પામતી સસ્તી અને મોંઘી પુસ્તિકાઓ વિશેના વિચાર ઝવેરચંદ મેઘાણીએ રજૂ કરતાં જણાવ્યું છે કે શિષ્ટ સાહિત્યના ઉપલક્ષ્યમાં માત્ર નામના મેળવવા માટે બજારમાં આવતી મોંઘી પુસ્તિકાઓના અવલોકનો વાંચવાનું જો વાંચક ન મુકતો હોય, તો સસ્તા સાહિત્યની યોજનાઓ હેઠળ રજૂ થતી પુસ્તિકાઓ કે જેમાં શિષ્ટ સાહિત્ય સાથે સમાજ ઘડતરની પણ વાત કરવામાં આવતી હોય ત્યારે વાચક વર્ગ આ પ્રકારના પુસ્તકો વાંચ્યા વગર કરી રીતે રહી શકે? – જેવી બાબતોનો ઉલ્લેખ ઝવેરચંદ મેઘાણી દ્વારા કરવામાં આવ્યો છે. આ લેખ દ્વારા વાચકોને પુસ્તકો વાંચવા માટેની ઝવેરચંદ મેઘાણીએ પ્રેરણા તો કરી છે, પણ સાથે સાથે લેખકો દ્વારા ભારે મહેનતે લખવામાં આવેલ પુસ્તકો ન વાંચતા વાચકો પ્રત્યે નારાજગી પણ વ્યક્ત કરી છે.

### (2.2) "કલા અને લોકો"(2), (જન્મભૂમિ, ૦2-૦3-1940)

આ લેખમાં કલા અને લોકોની વચ્ચે રહેલા સંબંધને રજૂ કરવામાં આવ્યો છે. લેખમાં જણાવ્યું છે તે પ્રમાણે, ધૂમકેતુએ કહેલી વાતને અહીંયા ટાંકવામાં આવી છે, જેનું વિશ્લેષણ કરીએ તો, ધૂમકેતુ કહે છે કે, કલાને લોકભોગ્ય ન બનાવતા, લોકોને કલા ભોગ્ય બનાવવા જોઈએ, તેમજ લોકોમાં સુતી પડેલી કલાને માણવા માટેની ઈચ્છાને જગાવવા માટેના પ્રયત્નો થવા જોઈએ. આ ઉદાહરણ દ્વારા કલા અને લોકો વચ્ચે રહેલા સંબંધને પારખી શકાય છે કે, સમાજમાં કલા પ્રત્યે જાગૃતતા આવે તે કઈ રીતે મહત્વનું કાર્ય કરે છે, તે અહીંયા નોંધનીય છે. સમાજના બે વર્ગ વચ્ચે વિરોધાભાસ રજૂ કરતા આ લેખમાં જણાવાયું છે કે, એક વર્ગ એવો છે કે જે કલાને અલ્પ ભોગ્ય બનાવીને કલાને માણનારા વર્ગને સંકડો કરીને કલાનું સર્જન સ્વરૂપને બાંધે છે. અને બીજી બાજુ કલાકારો પોતાની નિર્બળ શક્તિને પારખી ન શકવાની વૃત્તિ અહીંયા  રજૂ કરવામાં આવી છે. ઝવેરચંદ મેઘાણી આ લેખ દ્વારા ધૂમકેતુએ કહેલું મહત્વનું વાક્ય લખતા કહ્યું છે કે, ઉચ્ચ ધોરણો ત્યાગ કરવાથી જ લોકો સુધી પંહોચી શકાય છે તેવી માન્યતા આધાર વિહોણી છે. વધુમાં ઝવેરચંદ મેઘાણી લેખમાં જણાવે છે કે, લોક નામેથી ઓળખાતા જનસમૂહની જેમ અક્કલ કામ કરે છે તેમ જ ઊર્મિ અને કલ્પનાશક્તિ પણ તેમનામાં બળવાન હોય છે. એટલે કે સમુદાયમાં કલાને જાણવા અને સમજવા જેવા ગુણો વિકસાવવાની માહિતી રજૂ કરવામાં આવી છે. લોકો ક્યારેય તેમની સમક્ષ રજૂ થતાં કલાના મનોરંજનથી છેતરાતા નથી તેમનામાં રહેલી મનોરંજ પારખવાની શક્તિ ઉત્તમ હોય છે. લોકસમાજ એવી જ કલાને પ્રાધાન્ય આપતા હોય છે કે જે સાચી એટલે કે સત્ય હોય છે. જેમ લખાણમાં લોકોનો પ્રતિસાદ મહત્વનો ભાગ ભજવે છે તેમ કલા અને લોકોની વચ્ચે પણ પ્રતિસાદ મહત્વ ધરાવે છે. લોક સમુદાય બોલતો નથી પણ તેનામાં કલાને પારખવાની શક્તિ એ અપાર છે. આ લેખમાં ઝવેરચંદ મેઘાણી કલાના સર્જકોને તેમના દોષો તેમજ દુર્બળતાને ઢાંકવા માટે લોક શબ્દનો મનફાવે તેમ ઉપયોગ ન કરે તે અંગેની રજૂઆત કરી છે.

### (3) "હિંદી સંગીતનું સમ્યકદર્શન"(3), (ઊર્મિ અને નવરચના, જુલાઈ 1945)

ઝવેરચંદ મેઘાણીએ આ લેખ અંતર્ગત હિંદી સંગીતની રજૂઆત કરી છે તો આ સાથે એક વ્યક્તિ વિશેષ તરીકે મૂળ પોલેન્ડના રહેવાસી તેમજ અહીંના સંગીત માટે બે વાર હિંદમાં આવીને ઝીણવટભર્યો અભ્યાસ કરનાર વ્યક્તિ વિશેષના હિંદી સંગીતને લઈને મંતવ્ય રજૂ કર્યા છે. હિંદ લોકોને મન કેવું છે? તે વિશે જણાવતા ઝવેરચંદ મેઘાણી લખે છે તેમ, કૌતુકપ્રેમી માટે આ પ્રાંત જોગીઓ અને જાદુઈ દોરડાના ખેલ કરનારનો દેશ છે, તો રાજદ્વારીઓ હિંદને અસંખ્ય કોમો અને ભાષાઓનું ભંગાર ઘર ગણે છે. તો

બીજી બાજુ સંસ્કૃતની ઉપાસના કરનારને મન હિંદ કઈ રીતે કલા, સાહિત્ય અને તત્વજ્ઞાનથી ભરપુર છે તે અંગેની રજૂઆત અહીંયા કરવામાં આવી છે. – લોકોની આ માનસિકતા જોતા એ સમયમાં હિંદ વિશે લોકો જે વિચારતા હતાં તેનો તટસ્થ અને ગંભીર ખ્યાલ રજૂ થાય છે. વધુમાં લેખમાં જણાવાયું છે તેમ, 'ફેન્ટેસિયા' નામના ચિત્રપટ પર હિંદની સર્જનલીલા અને છંદ બધ્ધ તાલની રજૂઆત કરતાં ડૉ. સ્તોકોવ્સકીએ રજૂ કરેલા અભિપ્રાયોને ટાંકવામાં આવ્યાં છે. જે મુજબ હિંદનું હિંદી સંગીત એ ખુબ ગહનતા દર્શાવે છે. તો વિશ્વને સંસ્કારિતા આપવા માટેનું આ મુખ્ય સાધન છે. ડૉ. સ્તોકોવ્સકી જયારે સંગીતના અભ્યાસ માટે પાછા આવે છે ત્યારે હિંદી માત્ર એક સંગીત નથી પણ અનેક સંગીત સંસ્કારોની મિલાવટમાંથી ઉદભવેલું ગણે છે. હિંદી સંગીતનું મુખ્ય લક્ષણ દર્શાવતા તેઓ કહે છે કે આ સંગીતને વિવિધ ઢાંચામાં ઢાળી શકાય છે, તે કોઈ બંધાયેલું સંગીત નથી, અને તે હંમેશા સર્જનાત્મક રહે છે. માનવ મનની અવસ્થાનું તેમાં ઉચ્ચારણ જાણી અને જોઈ શકાય છે. આ સંગીત માત્ર લિપિબધ્ધ નથી તેમાં જોવા મળતી વહનતા પણ એક મહત્વનું પાસું રજૂ કરે છે, તે અહીંયા જાણી શકાય છે. વધુમાં આ ડૉ. સ્તોકોવ્સકી તેમના અભિપ્રાયોમાં હિન્દી સંગીતને લોકોની સાથે જોડે છે અને હિંદી લોકોના જીવન પાસા કઈ રીતે તેમાં રજૂ થાય છે તે દર્શાવે છે. અને આખરે હિંદની પ્રજા આ સંગીતને તેના મૂળસ્વરૂપમાં સાચવે તે માટેની ભલામણ કરવામાં આવી છે, જેના દર્શન આ લેખમાં થાય છે.

### (4) "રાષ્ટ્રભાષાના સર્જન બળો"(4), (જન્મભૂમિ, 12-10-1935)

રાષ્ટ્રભાષાના સર્જન બળોની પાછળ રહેલા કારણોને તપાસતા આ લેખ ઝવેરચંદ મેઘાણી દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. શાંતિનિકેતનના ક્ષિતિમોહન સેન મધ્યુગના હિન્દી કવિ, સંતો અને ભજનીકો પર કરેલા સંશોધનને લઈને પ્રકાશિત થનારા પુસ્તક વિશેની માહિતીને અત્રે રજૂ કરવામાં આવી છે. આ લેખમાં એન્ડ્રુઝ નામના વ્યક્તિનો ઉલ્લેખ છે કે જેને આ સંગ્રહને વાંચ્યો છે. અને આ ઉપરથી અમદાવાદ ખાતે એન્ડ્રુઝે અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા સમક્ષ હિંદી સાહિત્યનાં આંદોલન પર આપેલુ ભાષણ 'મોર્ડન રીવ્યૂ'માં છાપવામાં આવ્યું છે, જેને વાંચવા માટે વાંચકોને અનુરોધ ઝવેરચંદ મેઘાણી દ્વારા કરવામાં આવ્યો છે. સાહિત્ય ક્ષેત્રે આવતા લેખો કે જે વાંચકોના જીવનમાં મૂલ્યો ઉભા કરે અને સાહિત્યની તાકાત શું છે તે દર્શાવતા હોય તો તે વિષયનું વાંચન એ કઈ રીતે સક્ષમ સાબિત થાય છે તેનું ધ્યાન દોરવામાં ઝવેરચંદ મેઘાણી અગ્રેસર રહે છે. સંશોધન કરતાં ક્ષિતિમોહનને મળેલી સહાયને અનુસંધાને એન્ડ્રુઝે આપેલી માહિતીને સમજીએ તો, ક્ષિતિમોહનને સાહિત્ય ક્ષેત્રે મળેલું બળ એ બીજે ક્યાંયથી નહિ પણ કાઠીયાવાડના ગામડાઓમાંથી પ્રાપ્ત થતું હોવાનું ઉલ્લેખન છે. અને આ એ સાહિત્ય

બળ છે કે જે વર્ષોથી લોકોના કાંઠે સચવાયેલું પડ્યું છે. સાહિત્યની તાકાત પણ કેટલી સશક્ત છે તે આ લેખ પરથી જાણી શકાય છે. વધુમાં ભાષાની વાત કરતાં ઝવેરચંદ મેઘાણી જણાવે છે કે, ભાષા ભાષા વચ્ચે થતી આપ લે સંદર્ભે હિન્દી ભાષા કઈ રીતે મુખ્યસ્થાન દર્શાવે છે તેની વિગતો અહીંયા રજૂ કરાઈ છે. તો આ ઉપરાંત હિન્દી ભાષા એક એવી ભાષા છે કે જે બંગાળી ભાષા અને ગુજરાતી ભાષા વચ્ચે સેતુરૂપ કાર્ય કરે છે. અને આ રાષ્ટ્ર ભાષાનો ઉપયોગ લેખકોએ સરળ અને લોકોને સમજાય તે રીતે કરવા માટેની રજૂઆત આ લેખ હેઠળ કરવામાં આવી છે. કોઈ ભાષા સાહિત્ય બળનું સ્વરૂપ કઈ રીતે ધારણ કરે છે તે અંતર્ગત વૈજ્ઞાનિક પાસુ આ લેખમાં ઝવેરચંદ મેઘાણી દ્વારા રજૂ કરવામાં આવ્યું છે.

## (5) "યુગને દ્વારે સાહિત્યકાર"(5), (જન્મભૂમિ, ૦9-૦6-1934)

ઝવેરચંદ મેઘાણીએ આ લેખ જન્મભૂમિ દૈનિકમાં જ્યારે કલમ અને કિતાબ નામની કોલમ શરૂ કરી ત્યારે આરંભમાં લખ્યો હતો. આ લેખમાં યુગને દ્વારે કઈ રીતે સાહિત્યકાર કાર્ય કરે છે તે વિશેના મંતવ્યો ઝવેરચંદ મેઘાણીએ રજૂ કર્યા છે. જન્મભૂમિમાં હવેથી 'કલમ અને કિતાબ' મથાળા હેઠળ સાહિત્ય કૃતિઓ રચાતી રહેશેનો દિલાશો વાચકવર્ગને આપ્યો છે. મહત્વનું છે કે આ લેખમાં સાહિત્ય બળને કેન્દ્રમાં રાખવામાં આવ્યું છે, કે જેની આસપાસ પ્રજાના નવતર સંસ્કરણમાં કઈ રીતે સાહિત્ય બહોળો ભાગ ભજવે છે તેની મહત્વતા આંકવામાં આવી છે. બાકીના અખબારની જેમ સાહિત્ય પાનું માત્ર પરંપરાના લીધે નહિ ચાલે જેવી વાત અહીંયા ઝવેરચંદ મેઘાણીએ સ્વીકારીને ઘણું સાહિત્ય લોકોને આપવાનું બાકી છે તેમ જણાવ્યું છે. વધુમાં ઝવેરચંદ મેઘાણી સાહિત્ય સૃષ્ટિનું મહત્વ રજૂ કરતાં લેખે છે કે, જીવનસૃષ્ટિ અને સાહિત્યસૃષ્ટિ એ એક છે, અને એક જોવાનું વલણ તેઓ ધરાવે છે. કારણકે જીવન છે તો સાહિત્ય છે જેવી લેખકની વિભાવના અહીંયા જાણી શકાય છે. વધુમાં સાહિત્યકારનો અર્થ વિવિધ રીતે ઝવેરચંદ મેઘાણીએ આ લેખમાં કર્યો છે, જેના પાસા તપાસીએ તો, એક સાહિત્યકારની ભૂમિકા હોય છે કે તે હંમેશા પ્રજાના જીવન ઉંબરા સુધી જવા માટે તત્પર હોય. સાહિત્યકાર કઈ રીતે સાહિત્ય અને પ્રજાની વચ્ચે કડી રૂપ કાર્ય કરે છે તેની રજૂઆત કરવામાં આવી છે. સાહિત્યકારને ઝવેરચંદ મેઘાણી પ્રજાસૈન્યનો સિપાહી કહે છે. સાહિત્યકારની મનોદશા દર્શાવતા તેને ખરા દિલની મજૂરી કરતો રજૂ કરાયો છે. એ કોઈ પણ લેખન સામગ્રી લખે તે હંમેશા સમાજમાં અગ્રેસર હોય છે, કારણ કે તેઓ ના માત્ર આજના સમાજની પણ આવનારી પેઢીની કેળવણી કરવાનું કાર્ય કરે છે. વધુમાં જન્મભૂમિ સાહિત્યને સચેતન રજૂ કરવામાં વાચકોનો હંમેશા સાથ આપશે તેવું લેખમાં નોધવામાં આવ્યું છે.

## 3. ઉપસંહાર

ઉપર ચકાસેલા ઝવેરચંદ મેઘાણીના લેખો પરથી એક સમજ તો કેળવી શકાય કે, તેમના લખાણમાં વિવિધતા છે, સમાજમાં રહેતા લોકો હોય કે કોઈ વ્યક્તિ વિશેષ હોય, લોકસાહિત્ય હોય કે પછી શિષ્ટ સાહિત્ય હોય તેમાં જીવન મૂળના તમામ પાસાં રજૂ થતાં જોઈ શકાય છે. એટલું જ નહિ સાહિત્ય ક્ષેત્રે ઝવેરચંદ મેઘાણીએ કોઈ એક સંદર્ભમાં જ લખ્યા કર્યું હોય તેમ નથી પણ તેમણે દરેક વિષયોને મોકળાશ આપી છે, જે તેમના લખાણમાં સ્પષ્ટ જોઈ શકાય છે. આથી જ એમ કહી શકાય કે ઝવેરચંદ મેઘાણીના લેખો વિશિષ્ટ અને જીવાદોરી સમાન છે. તેમાં મનુષ્ય મનના તમામ હાવ ભાવને વર્ણવામાં આવે છે. ઝવેરચંદ મેઘાણીના લખાણોમાં તાર્કિક અને વૈજ્ઞાનિક એમ બંને પાસા પણ જોઈ શકાય છે. તો વધુમાં સંશોધન પણ એક એવું પાસુ છે જે તેમના લેખોમાં તપાસી શકાય છે. અને આ સાથે ઝવેરચંદ મેઘાણીના લેખોમાં જોવા મળતી પરિપક્વતા એ સમાજને એક શિખર પર પહોચાડવાનું કાર્ય કરે છે તે અહીંયા જાણી શકાય છે.

# સંદર્ભો

1. મેઘાણી ઝવેરચંદ, પરિભ્રમણ ખંડ 1, પૃ. નં. 7

2. મેઘાણી ઝવેરચંદ, પરિભ્રમણ ખંડ 2, પૃ. નં. 294

3. એજન, પૃ. નં. ૩૩4

4. એજન, પૃ. નં. 112

5. મેઘાણી ઝવેર પરિભ્રમણ ખંડ 1, પૃ. નં. 2૦

**Copyright & License:**

© Authors retain the copyright of this article. This work is published under the Creative Commons Attribution 4.0 International License (CC BY 4.0), permitting unrestricted use, distribution, and reproduction in any medium, provided the original work is properly cited.